જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૧/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪/૨૦૨૦**

## પાસા ના આરોપીની અટકાયતની વિગત

**વટવા પોલીસ સ્ટેશન :**

**શરીરસબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી ‘જે’ ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે પો.સબ.ઈન્સ. વી.એમ.સાટીયા સાહેબ નાઓએ સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના અલગ અલગ પો.સ્ટે. માં દાખલ થયેલ શરીરસબંધી ગુનાઓ જેમાં (૧) ઈસનપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૩૮/૧૮ ઈપીકો કલમ- ૩૨૪. ૨૯૪(ખ). ૫૦૬(૨). ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૧૩૯/૧૯ ઈપીકો કલમ- ૩૨૫. ૨૯૪(ખ). ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબના ગુનાઓના કામના આરોપી શાદાબખાન સ/ઓ અમીનખાન અબ્દુલ્લાખાન પઠાણ ઉવ.૨૦ રહે- સઈદાબાઈની ચાલી, સીલીકોન વેલીની સામે, સૈયદવાડી, વટવા, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાડસા/૦૩/૨૦૨૦ તા.૦૧/૦૧/૨૦૨૦ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૨/૦૧/૨૦૨૦ ના કલાક ૨૨/૪૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ **<u>તા.૨.૧.૨૦૨૦</u>** ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત સબંધી/શરીર સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ગોમતીપુર તથા ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની મારામારી અને ઝઘડો કરનાર પોતાના સાગરિતોની સાથે મળી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સગાળો બોલી ગડદાપાટુનો માર મારી છરી વડે ઈજા કરી હિંસાત્મક અસામાજીક પ્રવૃતિ આચરનાર ઈસમો (૧) સોયેબઅલી ઉર્ફે સોયેફઅલી ઉર્ફે ઘેટા સૈયદઅલી સૈયદ રહેવાસી- બી-૨૦, સોનીનુ ખેતર, ગુલશને મદીના સોસાયટી, મિલ્લતનગર,ઈસનપુર અમદાવાદ શહેર (૨) સરફરાઝ અહેમદ ઉર્ફે ગુડ્ડુ મોહમંદ યુનુસ અંસારી રહેવાસી-મ.ન.૭ આયશાબીબીની ચાલી, મિરા સિનેમા આગળ મિલ્લતનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ તથા રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સોયેબઅલી ઉર્ફે સોયેફઅલી ઉર્ફે ઘેટા સૈયદઅલી સૈયદ રહેવાસી- બી-૨૦, સોનીનુ ખેતર, ગુલશને મદીના સોસાયટી, મિલ્લતનગર,ઈસનપુર અમદાવાદ શહેર |
|  | સરફરાઝ અહેમદ ઉર્ફે ગુડ્ડુ મોહમંદ યુનુસ અંસારી રહેવાસી-મ.ન.૭ આયશાબીબીની ચાલી, મિરા સિનેમા આગળ મિલ્લતનગર અમદાવાદ |

- ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની ઓફિસ તથા દુકાનના લોક તોડી અંદર પ્રવેશ કરી રોકડા નાણા તથા મો.ફોન ની ચોરી કરી લઈ જનાર ગુનાહિત ગુનાહિત માનસ ધરાવાનાર ઈસમ અબ્દુલ હુસેન મોહમંદહુસેન મોહમંદહનીફ અંસારી રહેવાસી- ૧૯૪૪/૨૨ પટેલની ચાલી, પોસ્ટ ઓફિસની બાજુમા કામદાર મેદાન ગોમતીપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અબ્દુલ હુસેન મોહમંદહુસેન મોહમંદહનીફ અંસારી રહેવાસી- ૧૯૪૪/૨૨ પટેલની ચાલી, પોસ્ટ ઓફિસની બાજુમા કામદાર મેદાન ગોમતીપુર અમદાવાદ |

- આ ઉપરાંત અન્ય પ્રોહીબીશન/શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ **૨** ઇસમો મળી **<u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને વડોદરા, રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# <u>ચોરીના આરોપીઓની વિગત</u>

## <u>ચાંદખેડા પોલીસ સ્ટેશન :</u>

### <u>એક્સેસ સ્કુટરની ચોરી કરતા આરોપીને પકડી પાડતી ચાંદખેડા પોલીસ</u>

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-01 અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-02 અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી.કે.ગમાર ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.એચ.ચૌધરી તથા સાથેના સ્ટાફના અ.હે.કો. દિનેશભાઈ ધનજીભાઈ બ.નં.3450 તથા અ.હે.કો. હિરેનકુમાર ભરતભાઈ બ.નં. 4525 તથા અ.પો.કો.નરેન્દ્રસીંહ વિક્રમસીંહ બ.નં.218 અન્ય સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન અ.હે.કો. હિરેનકુમાર ભરતભાઈ તથા અ.પો.કો.નરેન્દ્રસીંહ વિક્રમસીંહ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે **<u>એક ઈસમ નામે નિશાંતસીંગ શિવબહાદુરસીંગ રાજપુત ઉ.વ.19 રહેવાસી, મ.નં.29 સત્યમ બંગ્લોઝ આઈઓસી રોડ ચાંદખેડા અમદાવાદ શહેર</u>** નાની પાસેથી એક ચોરીનુ એક્સેસ સ્કુટર જેનો RTO નંબર.GJ-01-SF-5407 ની સાથે મળી આવેલ હોઇ જે બાબતે ચોરી બાબતે **<u>ચાંદખેડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.278/2019 ધી ઈપીકો કલમ.379 મુજબનો ગુન્હો દાખલ થયેલ છે</u>** જે અનડીટેક્ટ ગુન્હો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે. તા.02/01/2020

## વટવા પોલીસ સ્ટેશન :

## મામાના ઘરે રાત્રી રોકાણ કરી ઘરમા ચોરી કરતા ભાણેજ તથા ભાણેજ વહુને રાજકોટ ખાતેથી મુદ્દામાલ સાથે પકડી પાડતી વટવા પોલીસ

અમદાવાદ શહેરમા ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબનાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપિન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. “જે” ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવી આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના પો.સબ.ઇન્સ.પી.કે. ગઢવી તથા એ.એસ.આઇ. વિજયરાજસિંહ પ્રતાપસિંહ નાઓની આધારભુત બાતમી હકિકત આધારે વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૯/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૮૦,૧૧૪ મુજબના કામે ચોરીયે ગયેલ સોનાનો ત્રણ તોલાનો સેટ કિ.રૂ.૪૫૦૦૦/- તથા બે સોનાની ચેઇન એક-એક તોલાની કિ.રૂ.૩૦૦૦૦/- તથા બે પેન્ડલ કિ.રૂ.૫૦૦૦/- તથા રોકડ રૂ.૧,૧૫,૦૦૦/- મળી કુલ્લે રૂપીયા ૧,૯૫,૦૦૦/- નો મુદ્દામાલ. સાથે ફરીશ્રીના ભાણેજ નામે કિશનભાઇ સ/ઓ રમેશભાઇ વાલજીભાઇ પીઠડીયા ઉ.વ.૨૯ ધંધો. ફર્નિચર રહે. મ.નં.ડી/૧૧૬ હુડકો ક્વાર્ટસ કોઠારીયા મેઇન રોડ રાજકોટ તથા તેઓની પત્નિ નામે દિવ્યાબેન વા/ઓ કિશનભાઇ રમેશભાઇ પીઠડીયા ઉ.વ.૩૮ ધંધો.ઘરકામ રહે. મ.નં.ડી/૧૧૬ હુડકો ક્વાર્ટસ કોઠારીયા મેઇન રોડ રાજકોટનાઓને તા. તા.૩૧.૧૨.૨૦૧૯ ના કલાક ૧૮.૦૦ વાગે પકડી અટક કરી ગુનાના કામે ચોરીયે ગયેલ તમામ મુદ્દામાલ કબ્જે કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૧.૦૧.૨૦૨૦




## <u>ઓઢવ પોલીસ સ્ટેશન</u> :

## <u>પોકેટ કોપની મદદથી વાહન ચોરીનો ગુનો શોધી આરોપી પકડી પાડતી ઓઢવ પોલીસ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ.આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં.૭૯૮૫ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ બનં.૧૨૯૬૨ નાઓ વાહન રીંગરોડ વાહન ચેકીંગમાં હાજર હતા દરમ્યાન સાથેના <u>લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ</u> નાઓને મળેલ સંયુક્ત બાતમી હકિકત આધારે પોકેટ કોપની મદદથી નરોડા પો સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૦૧/૧૯ ઈપીકો કલમ ૩૭૯ મુજબના કામના ચોરીમાં ગયેલ પલ્સર મો.સા જેનો એન્જીન નંબર જોતા PFYRHD17824 તથા ચેચીસ નંબર MD2A76AY4HRD79080 કી.રૂ.૨૫,૦૦૦/- સાથે આરોપી અજય પુરણસિંગ રાજપુત, ઉ.વ.૧૯ રહે: મ.નં-બી/૩૦૬, સાર્થક હોમ્સ, સ્વપ્નીલ હોમ્સની બાજુમાં, સિંગરવા, અમદાવાદ શહેર નાને તા-૦૨/૦૧/૨૦૧૯ ના ક.૧૮/૧૫ વાગે પકડી કાયદેસર કાર્યવાહી કરી પોકેટ કોપની મદદથી વાહન ચોરીનો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૨/૦૧/૨૦૧૯

# બનાવટી દસ્તાવેજ બનાવતા આરોપીઓની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :

### ખોટી પાવર ઓફ એટર્ની બનાવી તેનો અસલ તરીકે ઉપયોગ કરી મકાનનો દસ્તાવેજ કરી મકાનનો કબ્જો કરનાર આરોપીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેરમા ગુનાહિત પ્રવુતી અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબનાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપિન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચનાથી પો.સ.ઈ. પી.એમ.દેસાઇ નાઓએ વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૦૨/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ -૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના ફરીશ્રી નામે નીતાબેન ડો/ઓ દતારામ જાતે-કુમારે ઉ.વ-૪૯ ધંધો-ઘરકામ રહે-સી/૧૫ શુભદર્શન ટાવર ઈસરોની પાછળ સેટેલાઈટ અમદાવાદ શહેર નાઓએ આ ગુનાના આરોપી નામે મુકેશભાઈ સ/ઓ ચુનીલાલ જાતે-પટેલ ઉ.વ-૫૨ ધંધો-છુટક ફેરી રહે-એ/૨૯૮ શાંતાપાર્ક (આનંદ ટેનામેન્ટ ) સ્મુતીમંદીર સામે ઘોડાસર વટવા અમદાવાદ શહેરનાઓએ ઠગાઇ કરવાના ઇરાદે ખોટી પાવર ઓફ એટર્ની બનાવી તે પાવર ઓફ એટર્ની નો અસલ તરીકે સબ રજીસ્ટાર ની કચેરીમા રજુ કરી આ દસ્તાવેજ વખતે ફરીશ્રીની માતા માલતીબેન શીરશીકર નાઓ મરણ ગયેલ હોવા છતા તેઓ હયાત છે જે અંગેની ખોટી રજુઆત કરી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લઈ તે મકાનનો કબ્જો લઈ ફરીશ્રીનુ આશરે રૂ.૪૦,૦૦,૦૦૦/- (ચાલીસ લાખ પુરા) નુ નુકશાન કરી ઠગાઈ કરેલ હોઇ સદર આરોપીને તા-૦૨/૦૧/૨૦૨૦ ના ક-૨૩/૦૦ વાગે પકડી અટક કરી સદર આરોપીએ પાવર ઓફ એટર્ની ક્યા બનાવેલ છે તેની આગળની તપાસ ધરવા રિમાંડ કાર્યવાહી કરી આગળની તપાસ પો.સ.ઇ. પી.એમ.દેસાઇ નાઓ કરી રહેલ છે.



# "" SHE TEAM " ની કામગીરીમાં આરોપીની વિગત

**સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન** :

## સ્કુલ કોલેજ જતી છોકરીઓના પીછા કરી તેની સાથે સંબધ રાખવા દબાણ કરી એસીડ ફેકવાની ધમકીઓ આપતા ઈસમને પકડી પાડતી સી-ટીમ સોલા હાઈકોર્ટ પોલીસ

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ "જાહેરમાં છોકરીઓની છેડતી" જેવા કૃત્યો અટકાવવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ બનાવેલ "સી" ટીમ દ્વારા નીચે જણાવેલ આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપી:

રવિ ગુલાબસિંહ વાઘેલા રહે. ૭૯/૯૪૭ મહાશક્તિ ચોક, ગોતા હાઉસિંગ અમદાવાદ શહેર

**નોંધાયેલ ગુનો:**

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૫૨૦૦૦૧૦ ઇપીકો કલમ ૩૫૪(ડી)(૧), ૫૦૬(૧) પોક્સો એકટ કલમ ૧૧(૪), ૧૨ મુજબ

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા સી-ટીમના પ્રો.મ.સ.ઈ. કાજલબેન ગોરધનભાઈ તથા સી-ટીમ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર



**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીએ કોર્ટમાં હાજર થવાનું ફરમાન :** **સમાચાર યાદી નં.૧૫/૨૦૨૦**

(૧)

શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૫૦/૧૯૮૮ ઇપીકો કલમ ૪૫૨,૩૦૭,૩૨૩,૫૦૪ મુજબના સેસન્સ કેસ નં.૨૯૦/૧૯૮૮ મુજબના કામે આરોપી હીરાબેન નારણસિહ મુન્નાસિહ સિસોદીયા (રહે. ગામ-ટેગી તાલુકો-દેવગઢ માદરીયા જીલ્લો ઉદેપુર રાજસ્થાન) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એમ.કે.દવે.સાહેબ, મહે.પ્રિન્સિપાલ જજશ્રી, કોર્ટ નં.૦૧, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૨)

શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૯૮/૧૯૮૭ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬,મુજબના સેસન્સ કેસ નં.૨૭૩/૧૯૮૭ મુજબના કામે આરોપી ધારારામ મેરૂજી જાટ (રહે.ગામ ભીન્ડમાલ)ઈલેક્ટ્રીક સીટી હાઉસ પાસે ઝાલોર રાજસ્થાન) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એમ.કે.દવે સાહેબ, મહે.પ્રિન્સિપાલ જજશ્રી, કોર્ટ નં.૦૧, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.